મહત્તમ : ૩૬.૬ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૫૪ ટકા
ગાંધીનગર તાપમાન

સમદર્શન આશ્રમ પાસે ગટરના દૂષિત પાણીનો ભરાવો

સમદર્શન આશ્રમ પાસે સતત ગટર ઉભરાતા ભાવિકોને ગુંગળામણ : જટીલ સમસ્યાનું કાયમી નીરાકરણ આવે તેવી માંગ

ગાંધીનગર, તા. ૨૬

શહેરમાં વર્ષો જુની ગટરલાઈન સ્થાપિત છે તેનું કોઈ અપગ્રેડેશન કરાયુ નથી. શહેરના સે. ૧માં આવેલ સમદર્શન આશ્રમની બહારની ગટર સતત ઉભરાતી રહેતા આશ્રમ નિવાસી અને સેક્ટરોના રહેવાસી પરેશાન છે.

શહેરમાં સે. ૧ સ્થિત સમદર્શન આશ્રમની બહાર ગટરવ્યવસ્થા છે જ્યાંથી બીજી ચાર ગટરનું જોડાણ આશ્રમની અંદર કરવામાં આવ્યુ છે. આશ્રમના ગેટ પાસે સ્થિત ગટરમાંથી વારેઘડીએ પાણી ઉભરાવવાની ફરીયાદ આશ્રમના રહેવાસી તથા ભાવિકો દ્વારા થઈ રહી છે. બહારની ગટરની લાઈન આશ્રમની અંદર અલગ અલગ સ્થાને સ્થાપિત ચાર ગટર સાથે જોડાયેલી છે. એમાંથી એક ગટર ગુરૂમાના રહેવાસની બહાર છે. જ્યાંથી પણ ગટર ઓવર ફ્લો થતા ગુરૂમાને ત્યાં શ્વાસ લેવામાં પણ મુશ્કેલી પડી રહી છે. વારેઘડીએ ગટર ઉભરાવવાથી

તેના ગંદા પાણી અને તેની ગંદી દુર્ગંધથી ગુરૂમા તથા આશ્રમની મુલાકાતે આવતા ભાવિકોને ગુંગણામણ થાય છે તથા આજુબાજુના રહેવાસીઓ અને ત્યાંથી પસાર થતા નગરજનોને પણ તકલીફ પડે છે. તંત્ર દ્વારા આ છેલ્લા ઘણા મહિનાઓથી થતી સમસ્યા અંગે કોઈ પગલા લેવાય અને આ સમસ્યાનું કાયમી નીરાકરણ આવે તેવી સે. ૧ના રહેવાસીઓ તથા આશ્રમની મુલાકાતે આવતા ભાવિકો તરફથી માંગ ઉઠવા પામી છે.

એક તરફ મહાનગરપાલિકા દ્વારા ''સ્માર્ટસિટી'' અંગેના કાર્યોની ગુલબાંગો પોકારવામાં આવી રહી છે ને બીજી તરફ ''સ્માર્ટસિટી''ના પાયારૂપ કાર્ય સ્વચ્છતા અંગે ઘોર બેદરકારી પણ જોવા મળી રહી છે. શહેરના સેક્ટર-૮ ખાતેના બગીચામાં કચરાથી ઉભરાઈ રહેલુ ''ડસ્ટ કન્ટેનર'' ખાલી કરવાની મનપાના સફાઈ કર્મીઓ તસ્દી લેતા નથી જેના કારણે બગીચામાં દુર્ગંધ સાથે વધુ ગંદકીની સ્થિતિ સર્જાઈ રહી છે. વળી, આ ''ડસ્ટ કન્ટેનર'' સત્વરે ખાલી નહી કરાય તો તેમાં કોહવાટ ફેલાઈ પરિસ્થિતિ વધુ વકરી શકે છે તેથી સત્વરે આ ડસ્ટ કન્ટેનર ખાલી કરાય તે જરૂરી બન્યું છે.

સે-૨૫ ક્રિકેટ દુર રમવાનું કહેતા પિતા-પુત્ર પર હુમલો

ગાંધીનગર શહેરના સેકટર-૨૫ સ્થિત જીઆઈડીસી પાસે દડો વાગતા ક્રિકેટ દુર રમવાનું કહેતા પિતા-પુત્ર પર હુમલો થયો છે. વારંવાર દડો વાગતા વડીલે દુર જઈને ક્રિકેટ રમો તેમ કહેતા ઉશ્કેરાયેલા યુવકે તેમના માથાના ભાગે ધોકો મારી ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે વડીલના પુત્રએ યુવકને ઠપકો આપતા તેની ઉપર પણ યુવકે અને તેના પરિવારે હુમલો કરી ઈજા પહોંચાડી હતી.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ નગીન દિનેશભાઈ કબીરા (૨૪ વર્ષ રહે.સ્વામી વિવેકાનંદ સોસાયટી) નોંધાવેલી ફરિયાદ મુજબ તેના પિતા ઘર પાસે ગોગા મહારાજના ઓટલા પર બેઠા હતા. ત્યારે મંદિરની પાસેના બગીચામાં છોકરાઓ ક્રિકેટ રમતા હતા. ત્રણ વખત દડો વાગતા યુવકના પિતાએ દુર જઈને રમવાનું કહેતા ઉશ્કેરાયેલા અનિલ ઉર્ફે અનીયો રામાભાઈએ હાથમાં રહેલો ધોકો તેમને માથામાં મારી દીધો હતો.

પિતાના માથામાંથી લોહી નીકળતા જોઈને ફરીયાદીએ અનિલને આ અંગે પુછતા તેણે ફરીથી યુવકને છાતીના ભાગે ધોકો માર્યો હતો. જે બાદ દોડી આવેલા અનિલના પિતા રામાભાઈએ ફરીયાદી સાથે ઝપાઝપી કરી હતી. નગીનની માતા સાથે અનિલની માતાએ ઝપાઝપી કરી હતી તો અનિલના મોટાભાઈ સુનિલે ધોકા વડે ફરિયાદીના પિતાને મારમાર્યો હતો. નાગરીકો વચ્ચે પડતા જતા રહેલા ચારેય લોકોએ ફરિયાદીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ફરીયાદીના પિતાને માથાના ભાગે વધુ ઈજા પહોંચતા હાલ તેઓ અમદાવાદ સિવિલમાં સારવાર હેઠળ છે. જયારે બનાવ અંગે યુવકની ફરીયાદ સે-૨૧ પોલીસે સ્વામી વિવેકાનંદ સોસાયટી ખાતે રહેતા પરિવારના ચાર સભ્યો સામે ગુનો નોધી તપાસ શરુ કરી છે.

લેકાવાડામાં ઉછીના રૂપીયા ન આપતા કાકાએ ભત્રીજાને માર્યો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર નજીક આવેલા લેકાવાડા ગામે કાકાને ભત્રીજાએ ઉછીના રૂપીયા આપવાની ના પાડતા કાકાએ પોતાના પુત્રો સાથે મળીને ભત્રીજાને માર માર્યો છે. બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ભત્રીજાએ ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ લેકાવાડા ગામાં અંબિકાનગર ખાતે રહેતા અંબિકાનગર ખાતે રહેતા નરેશસિંહ નટવરસિંહ વાઘેલા (ઉં.વ.૨૪)ની ફરીયાદ મુજબ તે સાંજના સુમારે ગામની ભાગોળે બેઠો હતો. જયા તેના કૌંટુબીક કાકા મહેન્દ્રસિંહ જુજારસિંહ વાઘેલા બીજા કાકાના દિકરા નરેન્દ્રસિંહ જુજારસિંહ વાઘેલા તેમજ કરણસિંહ જુજારસિંહ વાઘેલા પણ હાજર હતા. તે સમયે કાકા મહેન્દ્રસિંહે યુવકને તારી જમીન વેચાઈ છે તો હાથ ઉછીના રૂપીયા આપવા માટે કહ્યું હતું. ત્યારે યુવકે કાકાને રૂપીયા આપવાની ના પાડતા ત્રણેય જણા ઉશ્કેરાઈ ગયા હતા અને યુવકને ગાળો બોલવા લાગ્યા હતા. જે બાદ ત્રણેય દંડા વડે તેને માર મારવા લાગ્યા હતા. હોહા થતા ત્રણેય ત્યાંથી ભાગી ગયા હતા, ઘટના અંગે યુવકે ચિલોડા પોલીસ સ્ટેશનમાં કૌંટુબિક કાકા અને બે ભાઈઓ સામે વિરુદ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

ઈન્ડિયન લાયન્સ સંસ્થાના ભવ્ય રજત જયંતિ મહોત્સવનું આયોજન

સ્વર્ણિમ ગાંધીનગર ક્લબના યજમાનપદે રજત જયંતિ ઉજવાશે : દેશભરમાંથી ૨૫૦થી વધુ ડેલિગેટ્સની નેશનલ કોન્ફરન્સ યોજાશે : રવિવારે પંચદેવથી ઈન્ફોસિટી સુધીની રંગારંગ નગરયાત્રાનું આયોજન

સ્વદેશી તથા રાષ્ટ્રવાદી વિચારધારા સાથે સંકળોલી ઈન્ડિયન લાયન્સ સંસ્થા તા. ૨જી જુલાઈના રોજ ૨૪ વર્ષ પૂર્ણ કરી રજતજયંતિ

વર્ષમાં પ્રવેશ કરી રહી છે. જેના ભાગરૂપે તા. ૨૯ અને ૩૦ જુન શનિ-રવિ દરમ્યાન ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. રજત જયંતિ મહોત્સવનું યજમાન સ્વર્ણિમ ગાંધીનગર બન્યું છે. સંસ્થાના આ ઐતિહાસિક પ્રસંગે સ્વર્ણિમ ક્લબના સભ્ય તથા વાઈસ ચેરમેન આશાબેન પંડ્યા ઈન્ડિયન લાયન્સના નેશનલ ચેરમેન તરીકે હોદ્દો ગ્રહણ કરશે. આ સાથે રજત જયંતિ મહોત્સવ દરમ્યાન ૨૦મી નેશનલ કોન્ફરન્સ તથા ગાંધીનગરમાં નગરયાત્રા સહિતના કાર્યક્રમો યોજાશે.

ઈન્ડિયન લાયન્સ ક્લબના ૨૫મા સ્થાપના દિનને અનુલક્ષીને તા. ૨૯ અને ૩૦ જુન દરમ્યાન ગાંધીનગર-સરખેજ હાઈવે પરના વૈષ્ણોદેવી સર્કલ પાસેની નિરમા યુનિવર્સિટી સામેના 'વ્હીરલીંગ મીડોઝ' રિસોર્ટ ખાતે રજત જયંતિ મહોત્સવ ઉજવાશે. જેમાં ઈન્ડિયન લાયન્સ-ઈન્ડિયન લાયોનેસથી દેશભરની ૭૮ ક્લબના આશરે ૨૫૦થી વધુ ડેલિગેટ્સ ઉપસ્થિત રહેશે તેવી આજે પત્રકાર પરિષદમાં માહિતી આપતા રજત જયંતિ મહોત્સવના કન્વીનર અક્ષય ઠક્કરે જણાવ્યુ હતુ કે 'ઈન્ડિયન લાયન્સ એ ભારતીય પરંપરા અને સંસ્કૃતિને વરેલી સંસ્થા છે જેનો મુખ્ય ઉદ્દેશ દેશના નાગરિકોમાં રાષ્ટ્રીય જાગૃતિ સાથે દેશભક્તિની ભાવનામાં વૃદ્ધિ કરવી, નાગરિકોને તેમની ફરજો-હક્કો પ્રત્યે જાગૃત કરવા, સમાજના સાંસ્કૃતિક-સામાજિક-શૈક્ષણિક-આર્થિક તથા નૈતિક ઉત્થાનમાં સક્રીય ભાગ લેવો અને દેશના યુવાધનને સમાજને વિદેશી સંસ્કૃતિના આક્રમણથી બચાવી બંધુત્વ ભાવનાથી જોડવા તથા સમાજમાંથી વ્યસનની બદીને દૂર કરવી વગેરે સાથે છેલ્લાં ૨૪ વર્ષથી કાર્યરત છે અને ભવિષ્યમાં રહેશે.' આ સાથે તેમણે રજત જયંતિ મહોત્સવ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે 'રજત જયંતિ મહોત્સવનો પ્રારંભ દીપ પ્રાગટ્યને મિઠાઈ-મેવાની મટકીફોડથી કરાશે તેમજ ૨૦ નેશનલ કોન્ફરન્સ તથા સિલ્વર જ્યુબિલી સેલિબ્રેશન જેવા કાર્યક્રમો યોજાશે. ૩૦ જુનના રવિવારે સવારે શહેરના પંચદેવ મંદિરથી ઈન્ફોસિટી સુધીની નગરયાત્રા યોજાશે જેમાં ડિજેના તાલે દેશભક્તિના ગીતોની રમઝટ જામશે.

ઈન્ડિયન લાયન્સના ૧ ઉમા નેશનલ ચેરમેન તરીકે જેમની વરણી થવાની છે તેવા આશાબેન પંડ્યાએ જણાવ્યું હતું કે 'તેઓ સંસ્થાની પરંપરાને આગળ ધપાવવા સાથે રજતજયંતિ વર્ષમાં 'સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારત' સૂત્રને ચરિતાર્થ કરતી પ્રવૃતિઓના વધુ આયોજન કરાશે. આ સાથે જરૂરિયાતમંદ વર્ગના લાભાર્થીઓ જેઓ 'મા અમૃતમ' કે 'મા વાત્સલ્ય' જેવી સરકારની આરોગ્ય વિષયક યોજનાઓથી વંચિત છે તેમને આ યોજનાના લાભ મળી શકે તે માટે શક્ય હોય તેટલા મદદરૂપ થવામાં આવશે.' આ પ્રસંગે ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિના પ્રમુખ રાધેશ્યામભાઈ યાદવ, ઈન્ડિયન લાયોનેસ સ્વર્ણિના પ્રમુખ શિલ્પા દેસાઈ, પૂર્વ પ્રમુખ કૂંપલબેન દવે, રજત જયંતિ મહોત્સવના સહ કન્વીનર ઉદયભાઈ પાંભર તથા સંસ્થાના અન્ય હોદ્દેદારો તથા સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

આશાબેન પંડ્યા ૧૩મા નેશનલ ચેરમેન બનશે

ઈન્ડિયન લાયન્સના ૧ ઉમા નેશનલ ચેરમેન પદે શપથ ગ્રહણ કરવા જઈ રહેલા આશાબેન પંડ્યા અર્થશાસ્ત્રના સ્નાતક થયા બાદ મિડીયા કન્સલ્ટીંગ તેમજ ઈવેન્ટ મેનેજમેન્ટ ક્ષેત્રે કાર્યરત રહ્યા હતા. આ સાથે તેઓએ વિવિધ સંસ્થાઓ સાથે સંકળાઈને સમાજ સેવાક્ષેત્રે પણ કાર્ય કર્યુ છે તેમજ હાલ તેઓ 'ઔદિત્ય ગઢિયા બ્રહ્મસમાજ ગાંધીનગર એકમના કારોબારી સભ્ય છે અને ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ગાંધીનગરના વાઈસ નેશનલ ચેરમેન પદે સેવાઓ આપી રહ્યાં છે.

સે. ૬ સ્થિત સરસ્વતી વિદ્યાલય ખાતે શાળા પ્રવેશોત્સવ યોજાયો

સરસ્વતી વિદ્યાલય સે. ૬માં આજે ધોરણ-૧ના બાળકોનો પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં બાળકોના વાલીઓ પણ ખાસ હાજર રહ્યા હતા. શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંતર્ગત માધ્યમિક વિભાગના આચાર્ય ગોપાલસિંહ સોલંકી દ્વારા બાળકોના ઘડતરમાં શાળા અને ઘરના સમન્વયનું મહત્વ સમજાવાયુ હતુ.

પ્રાથમિક વિભાગના આચાર્ય મધુબેન દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ સાથે વાલીઓ શાળા સાથે સહભાગી થાય અને સજાગ થાય તેમ જણાવાયુ હતુ. કાર્યક્રમના અંતે બાળકોને પ્રોત્સાહનરૂપે ચોકલેટ તથા અભ્યાસમાં ઉપયોગી વસ્તુઓની ભેટ આપવામાં આવી હતી કાર્યક્રમના અંતે આચાર્ય મધુબેન લેઉઆ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

આઈઆઈટી ગાંધીનગરની વિદ્યાર્થીનીને યુએસની કાર્ગીલ ગ્લોબલ સ્કોલરશીપ

ગાંધીનગરના પાલજ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજીની બેચરલ ઓફ ટેકનોલોજીની વિદ્યાર્થીની દીપિકા

સોનીને અમેરિકાની યુએસ એગ્રી એન્ડ ફૂડ કંપની દ્વારા અપાતી પ્રતિષ્ઠિત કાર્ગીલ ગ્લોબલ સ્કોલરશીપ માટે પસંદ કરવામાં આવી છે. જે અંતર્ગત તેને અઢી હજાર યુએસ ડૉલર એટલે કે અંદાજે રૂ. ૧.૭૩ લાખ સતત બે વર્ષ સુધી પ્રાપ્ત થશે. આ સ્કોલરશીપ પ્રાપ્ત થતા દીપિકા સોનીએ ખુશી વ્યક્ત કરી હતી.

આરોગ્ય માટે અમૃતસમાન ગુણકારી જાંબુ ખાવાના અનેક ફાયદા

જાંબુમાં કેલ્શીયમ, ફોલિક એસિડ અને વીટામીન-સી પ્રચુરમાત્રામાં : કેન્સર વિરોધી ગુણો પણ ઉપયોગી : ડો. રાકેશ ભટ્ટ

ગાંધીનગર, તા. ૨૬

ચોમાસાની મોસમ આવી ને સિઝનલ ફ્રૂટ જાંબુ બજારમાં દેખા દઈ રહ્યાં છે. જેમ જુદા જુદા પ્રાંતના રાજાઓ હતા તેવી જ રીતે ફળોમાં પણ જુદા જુદા રંગમાં તે રંગના રાજા હોય છે. એમ જ કાળા રંગના ફળોનો રાજા જાંબુ છે. સ્વાદમાં જાંબુડા તૂરા અને મધુર જાંબુ શહેરના માર્કેટમાં અને શહેરના વૃક્ષો પર પણ દેખા દઈ રહ્યા છે. જાંબુ ખાવુ તેને ગુણકારી પણ કહેવામાં આવે છે.

જાંબુ અતિશય વાયુ કરનાર છે પણ સાથોસાથ પિત્ત અને કફ મટાડનાર પણ છે. જાંબુનો રસ પાચક અને મૂત્રસ છે. જાંબુમાં

આર્યન, કેલ્શિયમ, ફોલિક એસિડ અને વિટામીન સી હોય છે. ૧ કિલો જાંબુમાં ૨૫૧ કેલરી, ૧૪ ટકા કાર્બોહાઈડ્રેટ, ૦.૨૩ ગ્રામ ફેટ અને ૦.૬ ફાઈબર હોય છે.

શહેરના જાણીતા આયુર્વેદિક ડૉક્ટર રાકેશ ભટ્ટના જણાવ્યા અનુસાર જાંબુમાં કેન્સર વિરોધી ગુણો હોય છે. જાંબુમાં પોટેશિયમ હોવાથી હાર્ટએટેક, હાઈ બીપી અને સ્ટ્રોક સામે રક્ષણ મળે છે. જાંબુ હિમોગ્લોબિન વધારે છે અને લોહીમાં સાકરની માત્રા ઓછી કરે છે. તેને ચહેરા પર લગાડવાથી ચામડી પર તેજ વધે છે. વાળમાં લગાવવાથી ચમક વધે છે અને જાંબુ વાળને ખરતા રોકે છે. કાનમાંથી પરૂ આવતુ હોય તો જાંબુના રસના બે ટીપા નાંખવાથી લાભ થાય છે.

જાંબુના ઠળીયાના ગુણ

- ઠળીયામાં રહેલ જામ્બોલીન નામનું તત્વ સ્ટાર્ચને શર્કરામાં ફેરવતા રોકે છે જેથી ડાયાબિટીસમાં લાભ થાય છે.
- ઠળીયાનું ચૂર્ણ મધ સાથે લેવાથી સ્વર સુધરે છે.
- પથરીમાં ઠળીયાનું ચૂર્ણ દહી સાથે ખાવાથી લાભ થાય છે.
- ઠળીયાનું ચૂર્ણ વાગ્યા પર લગાવવાથી રૂઝ જલ્દી આવે છે.

જાંબુની છાલના ગુણો

- છાલને પાણીમાં ઘસીને પીવાથી અપચો અને પેટની સમસ્યા દૂર થાય છે.
- ગઠિયા વા માં પણ જાંબુની છાલ ઉપયોગી છે.

જાંબુના પાંદડાના ગુણો

- પાંદડાને ગરમ પાણીમાં નાખી તેના કોગળા કરવાથી દાંતની તકલીફ દૂર કરી પેઢાને મજબુત કરે છે.
- પાન સાથે દૂધ મીલાવી તેને તેના રસથી હરસમાં લાભ થાય છે.
- ઝેરી જીવજંતુ કરડ્યુ હોય ત્યાં પાનની પેસ્ટ બનાવી લગાડવાથી લાભ થાય છે.

જાંબુ ક્યારે અને કોણે ના ખાવા ?

- જાંબુ વાયુ વધારનાર હોવાથી ખાલી પેટે ના ખાવા અને વા ના દર્દીએ ના ખાવા.
- જાંબુ ગાયકોએ ન ખાવા.
- જાંબુ એક વખત ૨૦૦ ગ્રામથી વધુ ન ખાવા.
- દૂધ સાથે ન ખાવા કે જાંબુ ખાઈ દૂધ ન પીવુ.
- સોજામાં ન ખાવા.
- ગર્ભવતી મહિલાઓએ ન ખાવા.

ચિરવિદાય

- સ્વ. દશરથસિંહ રામસંગજી ઠાકોર ઉ.વ. ૪૫